**<u>*મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.*</u>**

**<u>સમરી નં.–૧૨/૨૦૨૬.</u>**

**<u>–: હુકમ :–</u>**

(૧) સદર સમરી અત્રેની અદાલત સમક્ષ દાઠા પો.સ્ટે. ખાતે નોંધાયેલ, ફર્સ્ટ, ગુ.ર., નં.–૩૩/૨૦૧૨ અન્વયે નોંધાયેલ આઇ.પી.સી. કલમ–૩૬૩, ૩૬૬ મુજબના ગુના હેઠળ ફરીયાદી, ઉઝીબેન વા./ઓ. ઝવેરભાઇ નરશીભાઇ બાંભણીયાની ફરીયાદ અન્વયે તપાસ થઇ, અત્રેની અદાલત સમક્ષ દાખલ થયેલ છે.

(૨) સદર સમરીની સંક્ષેપમાં વિગત એવી છે કે,‘‘ફરીયાદીની સગીર વયની દિકરી આશાબેન, ઉ.વ.–૧૬ાા વર્ષ, રહે. વેજોદરી, તા.તળાજાને આ કામના આરોપી સગીરાનું તા.૬/૫/૨૦૧૨ના સાંજના કલાક:૨૦/૩૦ વાગ્યે, વેજોદરી ગામેથી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી–ફોસલાવી, લગ્ન કરવા તેમજ બદકામ કરવાના ઈરાદે, અપહરણ કરી, લઈ ગયેલ હોય અને આ કામે ફરીયાદી તથા આજુબાજુમાં રહેતા સાહેદોના નિવેદનો લેતા, જે ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતા નિવેદનો લખાવતા, આરોપી બાબતે તપાસ તજવીજ કરતા, આરોપી જે–તે સમયે મળી આવેલ નહીં, પરંતુ આ કામે સગીરા આશાબેન ગઇ તા.૪/૬/૨૦૧૨ના રોજ સ્વેચ્છાએ આવતા, સગીરાનું વિગતવારનું નિવેદન લ, જન્મ–તારીખના દાખલા બાબતે પુછતા, પોતે અભણ હોય અને ગ્રામ પંચાયતના રજિસ્ટરે કોઇ નોંધ થયેલ ન હોય જેથી, સગીરાની ઉંમર જાણવા સારૂ મેડીકલ ઓફિસર, સર ટી.હોસ્પિટલ–ભાવનગર ખાતે લેડીઝ હે.કો. સાથે સગરાની ઓસીફિકેશન ટેસ્ટ કરી, ઉંમરનો દાખલો મેળવતા, જે મેડીકલ ઓફિસર, સર ટી.હોસ્પિટલ–ભાવનગરના ડો.શ્રી બિનયકુમારે મેડીકલ તપાસણીના અંતે, સગીરાની ઉંમર–૨૧ વર્ષની હોવાનું સર્ટી.માં જણાવેલ તેમજ સગીરા પુખ્ત વયની હોઇ, સગીરા પોતાની મરજીથી આરોપી સાથે થયેલ હોય અને આ કામે આરોપી સાથે સગીરાએ તા.૨૫/૬/૨૦૧૨ના રોજ લુવારવાવ ગામ, તા.પાલિતાણા ખાતે લગ્ન કરી લીધેલ હોઇ, જે લગ્ન નોંધણી–પ્રમાણપત્ર તથા લગ્ન–સંસ્કાર પ્રમાણપત્ર તથા સગીરાએ કરી આપેલ સોગંદનામુ તેમજ આરોપી નાનજી ચીથરભાઇ ડોડીયાની જન્મ–તારીખનો દાખલો તથા મહુવા મ્યુનિસિપલ મેડીકલ યુનિટનું આશાનું જન્મ–તારીખનું સર્ટી. તથા

સાક્ષીઓના આઈડેન્ટી પ્રુફ સર્ટી.ની નકલો તપાસના કામે રજુ કરતા, આ કામે આરોપી નાનજીભાઇ ચીથરભાઇ ડોડીયા/કોળી, ઉ.વ.-૨૩, ધંધો-ખેતમજુરી, રહે. રોજીયા, તા.તળાજા વાળા તા.૯/૭/૨૦૧૨ના રોજ સદરહું લગ્ન થયેલાના અસલ સર્ટી. રજુ કરતા જે વંચાણે લઇ, વિગતવારનું નિવેદન લેતા, આ કામે તપાસ કરતા-કરાવતા, સગીરા આશાબેન પુખ્ત ઉંમરની હોય જેથી, ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતની ભુલના કારણે કરેલ હોય જેથી, આ ગુનાના કામે વર્ગ-સી સમરી માંગવા સારૂ થયેલ કાગળો આંક-૧ થી ૫૦ સુધીના તૈયાર કરી, અદાલત મારફતે મોકલી આપેલ હોય જેથી, સદર કેસમાં વર્ગ-સી સમરી મંજુર કરવા યોગ્ય થવા વિનંતી છે.''

(૩) અત્રેની અદાલત દ્વારા સમરીની સાથે રજુ થયેલ તપાસના કાગળોને વંચાણે લેવામાં આવેલ છે જેમાં, ત.ક.અ.શ્રીએ તા.૧૭/૫/૨૦૧૨ના રોજ વેજોદરી ગ્રામ પંચાયત તથા તલાટી-કમ-મંત્રીશ્રીના જીતુભાઇ, દિનેશભાઇ, આશાબેન, દક્ષાબેન તથા પ્રવિણભાઇની જન્મ-તારીખના દાખલા માંગવામાં આવેલ, જેના જવાબમાં તલાટી-કમ-મંત્રીશ્રી-વેજોદરી ગ્રામ પંચાયત દ્વારા તા.૩૦/૫/૨૦૧૨ના રોજ દાખલો આપવામાં આવેલ છે કે, આશાબેન ઝવેરભાઇ, નરશીભાઇ બાંભણીયા, રહે. વેજોદરી, તા.તળાજાનાઓની જન્મ-તારીખ ગ્રામ પંચાયતના જન્મ-મરણ રજિસ્ટરમાં નોંધાયેલ નથી. ત્યારબાદ, તા.૪/૬/૨૦૧૨ના રોજ ત.ક.અ. દ્વારા આશાબેન ઝવેરભાઇ બાંભણીયાનું નિવેદન વંચાણે લેવામાં આવેલ છે. જે નિવેદનમાં તેણી પોતે જણાવે છે કે,''તેણીને રોજીયા ગામના રહીશ નાનજીભાઇ ચીથરભાઇ ડોડીયા જાતે કોળીની સાથે છેલ્લા એક વર્ષથી સારી રીતે ઓળખતી હતી અને તેઓ બન્ને વેજોદરી ગામે ઘણી વખત મળતા ત્યારે, એકબીજા દાંત કાઢતા હતા અને તેણી તે છોકરાને મનોમન પ્રેમ કરતી હતી, જે દરમ્યાન આશરે આજથી ૪૦ દિવસ પહેલા તેણી તથા તેણીના બા બન્ને જણા વાલર ગામે, તા.તળાજા ખાતે રેતીના ટ્રેકટર ભરવાની મજુરી કામે જતા હતા ત્યારે, તે જગ્યાએ નાનજીભાઇ ચીથરભાઇ ડોડીયા, જે વાલર ગામના દરબારનું ટ્રેકટર લઇને રેતી ભરવા આવતો હતો. જેથી તેઓ બન્ને અવાર-નવાર બોલતા અને મળતા હતા. આ દરમ્યાન તેણીએ નાનજી ચીથરભાઇ ડોડીયાને કહેલ કે, તેણીને તેની સાથે આવવુ છે તેમ વાત કરતા, નાનજીએ તેણીને હા પાડેલ. જેથી તેણી તથા નાનજીએ ભાગ્યા તેના પહેલા એક દિવસે નકકી કરેલ કે, તેઓ તે સાંજે નવ વાગ્યે ભાગી જવાનું છે. જેથી તેણી દાડીએથી સાંજે ઘરે આવેલી અને રાત્રિના નવેક વાગ્યે, તેણી ઘરેથી તેણી પાસે જે દાડીના પૈસા હતા તે પૈસા તેમજ એક જોડી કપડા લઇને ઘરેની નીકળી ગયેલ અને જયાં બાપા સીતારામ, ૬ મઢીએ આવી ત્યારે, ત્યાં નાનજી ચીથરભાઇ ડોડીયા

ઉભો હતો જેથી, તેઓ ચાલીને બગદાણા બાપા સીતારામ આશ્રમે વહેલી સવારના પાંચેક વાગ્યે આવેલા અને બે દિવસ સુધી બગદાણા આશ્રમે જુદીજુદી જગ્યાએ રોકાયેલા અને બગદાણાથી સરકારી બસમાં બેસી, કયાં ગયેલ, તેની તેણીને ખબર નથી. તેઓ અત્યાર સુધી એક ભાઇની વાડીએ રોકાયેલા અને નજીક ગામમાંથી જમવાનું લાવતા અને અત્યાર સુધી રોકાયેલા અને તેઓને જાણ થતા, આજરોજ આવેલ છે અને તેણીનું નિવેદન લઇ, જરૂરી પુછપરછ કરતા જણાવે છે કે, અત્યાર સુધીમાં તેઓએ બે થી ત્રણ વખત શરીર-સુખ માણી, સંભોગ કરેલ છે. હવે, તેણીની ઉંમરની મેડીકલ તપાસણી પુરી થયે ત્યારબાદ શું કરવુ, તે અંગેની હકીકત જણાવશે, અત્યારે તેણીના કબજા બાબતે તેણી કાંઇ કહેવા માંગતી નથી.''

(૪) વધુમાં, સદર કામે આશાબેનની ઉંમર જાણવા માટે ત.ક.અ.એ ભાવનગર સર ટી.હોસ્પિટલમાં તપાસણી કરવા માટે મોકલાવેલ, જેનો રીપોર્ટ તા.૭/૬/૨૦૧૨ના રોજ ફરજ પરના મેડીકલ ઓફિસરશ્રીએ લખી આપેલ. જે રીપોર્ટ મુજબ આશાબેનની ઉંમર તપાસ થયાના દિવસે એટલે કે, તા.૭/૬/૨૦૧૨ના રોજ ૨૧(એકવીસ) વર્ષની હોવાનું જણાવેલ છે. જેથી, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આશાબેન પુખ્ત વયના થયા બાદ, તેણીની મરજીથી આ કામના આરોપી નાનજીભાઇ ચીથરભાઇ સાથે ચાલ્યા ગયેલા અને જેથી, આઇ.પી.સી. કલમ-૩૬૩ અને ૩૬૬ મુજબનો ગુનો બની આવતો ન હોઇ, અત્રેની અદાલત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવે છે.

## -: હુકમ :-

૧. સબબ સી-સમરી **મંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ-૨, માહે-જુલાઇ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :-તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ-તળાજા.
(કોડ નં.-જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.